www.aiche.org/ccps

Process Safety Beacon — 10 Year Anniversary

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો

This issue sponsored by ioMosaic www.iomosaic.com

# કેટલાક જવાબો – નવેમ્બર ૨૦૧૨ની બેકનની “સમસ્યા શોધો” હરીફાઈના

જાન્યુઆરી ૨૦૧૩

સૌ પ્રથમ તો નવેમ્બર ૨૦૧૨ની “સમસ્યા શોધો” હરીફાઈમાં ભાગ લેવા બદલ બધાનો ખુબ ખુબ આભાર. અમે આભારી છીએ તમારાં રસ બદલ અને જેમણે આ સ્પર્ધામાં ભાગ લીધો અને તમારા બેકન બાબતે મુલ્યવાન પ્રતિભાવો બદલ. આ બેકનને સ્પર્ધાની બધી જ એન્ટ્રીઓ આવે તે પહેલાં તૈયાર કરી અને ભાષાંતર તૈયાર કરવાનુ હોવાથી અમે બીજા વધારાની સમસ્યાઓ અને જોખમોનો આમાં સમાવેશ કરી શક્યા નથી. જેને અમારા હજારો વાંચકો ઓળખી શકયા હશે જેમાં કોઈ શંકા ને સ્થાન નથી. નિશંક અમે સાચા જવાબો આપવામાં છુટછાટ લીધેલ છે અને અમે અંહી દર્શાવેલ કરતાં પણ વધારે સમસ્યા હોઈ શકે છે. અમે ચુંટેલી કેટલીક સમસ્યા આ પ્રમાણે છે.

૧.આ એકદમ સહેલું છે. પાઈપના આધાર એકદમ નબળા છે.

૨.રપ્ચર ડીસ્ક અને રીલીફ વાલ્વ વચ્ચેનું દબાણ, કટોકટી દરમિયાન દબાણ ઘટાડવાની પ્રણાલીની અંખડીતતા ઉપર તડજોડ કરે છે. જયારે અપસ્ટ્રીમનું દબાણ અને ડાઉનસ્ટ્રીમનું દબાણ રપ્ચર ના દબાણથી વધશે ત્યારે રપ્ચર ડીસ્ક જોરથી ફાટશે. જો ડીસ્કની ડાઉનસ્ટ્રીમ બાજુ દબાણ હશે તો તે પ્રક્રિયાના નકકી કરેલાં દબાણ ઉપર ફાટશે નહી.

૩.ભયજનક સંજ્ઞાઓ છતાં, આ બેલોઝથી બંધ કરાયેલા સેફટી વાલ્વના બોનેટમાંથી પ્લગ કાઢવામાં આવેલ નથી. (જે ટ્રાન્સપોર્ટ દરમિયાન વાલ્વનું રક્ષણ કરવા માટે છે.) જે વાલ્વ ખુલવાના દબાણ ઉપર અસર કરશે.


૪.પાઈપોને જોડવા માટે ફલેકસીબલ હોઝ વાપરવામાં આવી છે જે બરોબર રીતે બંધબેસતી નથી. જમણી બાજુ રહેલી ફલેન્જમાં ઓછામાં ઓછો એક બોલ્ટ ખોવાયેલ છે અને ફલેન્જની સપાટી સાચી રીતે જળવાયેલ નથી.

૫.આ બધાજ પમ્પો દેખાવમાં એકસરખાં  છે અને તેને લેબલ લગાડવામાં આવેલ હોય એમ જણાતું નથી.

૬.વાલ્વ અને બીજા પાઈપ ફીટીંગ, રીલીફ વાલ્વ (આરવી)ના ઈનલેટ માં લગાવેલ છે જેનાથી ઈનલેટ દબાણમાં ઘટાડો થશે, જે રીલીફ વાલ્વને અર્થહીન ખોલબંધ કરશે. આરવી ના ઈનલેટમાં મુકેલાં બ્લોક વાલ્વથી એવું લાગતું નથી કે તે આરવી ને બંધ થતો રોકવામાં અને પ્રક્રિયાથી આઈસોલેટ કરવામાં મદદ કરે.

૭.આ ફોટામાં ઘણાં બધા જોખમો છે. તેમાંથી કેટલાંક આ પ્રમાણે છે (તમે બીજા પણ શોધી શકો છો) : (૧)સંગ્રહ ટાંકીમાં કોઈ લેબલ દેખાતુ નથી. (૨)આંખ ધોવાના અને સુરક્ષા ફૂવારા આ વિસ્તારમાં દેખાતાં નથી. (૩)ફોટામાં દેખાતી વ્યકિતએ અંગત સંરક્ષણાત્મકના કોઈ સાધનો પહેરેલા નથી. (૪) ટ્રકના પૈંડા નીચે લાકડાનો ફાચર દેખાતો નથી. (૫) રસાયણ ઢોળાય તો રોકી શકવામાટેની વ્યવસ્થા નથી (૬) ઘણાં બધા પડવાના જોખમો (અને બરફમાં  લપસવાના જોખમો) (૭) ટ્રક પાછી જઈને શેડ અને ખાલી કરવાની પાઈપલાઈનને નુકશાન ન પહોંચાડે તેની સામાન્ય કે કોઈ વ્યવસ્થા નથી. (૮)ખાલી કરવાના જોડાણ સુધી પહોંચવા માટે પ્લટેફોર્મની વ્યવસ્થા અપુરતી છે. (૯) ટ્રક ખાલી થયા પછી હોઝમાં રહેલા રસાયણને ખાલી કરવાની કોઈ વ્યવસ્થા નથી (૧૦) ખાલી કરવાની પાઈપલાઈનમાં કયાંયપણ પ્રેસરગેજ નથી. (૧૧) પમ્પના ડાઉનસ્ટ્રીમમાં રહેલ વાલ્વનો હાથો ખુબ ઉચો છે. (૧૨) ખાલી કરવાની પાઈપોને અપુરતો આધાર છે.



















**સતત જાગૃતતા એ સુરક્ષા ની ચાવી છે !**

AIChE © 2013. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, and Vietnamese.